## જન્મદિને વધામણી



સેજલબેન બ્રિજેશસિંહ પરમાર
મો. ૯૬૦૧૨ ૮૯૬૬૩



ઝેનિથ ચિરાગ સોલંકી
મો. ૮૮૬૬૨ ૨૭૭૧૯



હર્ષ કલ્પેશભાઈ સોની
મો. ૭૪૦૫૨ ૪૩૪૬૭







દુનિયાભરમાં ખ્યાત એવા 'સ્પંદન ઈન્ટરનેશનલ આર્ટ ફેસ્ટિવલ ઑફ ઈન્ડિયા'ના ૪૦મા ચરણનો શનિવારે નવી દિલ્હી ખાતે આરંભ થયો છે. દેશના વિભિન્ન પ્રાંતોનાં ૧૦૦થી વધુ કલાકારોની કલાના ઉત્કૃષ્ટ નમૂના આ ફેસ્ટીવલ અંતર્ગત પ્રદર્શિત કરવામાં આવી રહ્યાં છે. ઓલ ઈન્ડિયા ફાઈન આર્ટ એન્ડ ક્રાફ્ટ સોસાયટી, રફી માર્ગ, નવી દિલ્હી ખાતે તા. ૧૦ નવેમ્બર સુધી આ પ્રદર્શન કાયમ રહેશે અને ત્યારબાદ ડિસેમ્બર સુધીમાં દેશનાં અન્ય શહેરોમાં પણ તે યોજવામાં આવશે. એ ક્રમમાં અમદાવાદ ખાતે પણ આ પ્રદર્શન યોજવાનો ઉપક્રમ છે. એનહાન્સ એક્ઝીબિશન્સ એન્ડ ઈવેન્ટ્સ, ગોવાના બેનર તળે અનંત વિકાસ દ્વારા આ આખીય ઈવેન્ટ ઓર્ગેનાઈઝ થઈ રહી છે. નવી દિલ્હી ખાતે ચાલી રહેલા પ્રદર્શનમાં મૂકવામાં આવેલી કેટલીક મનરમ્ય કૃતિઓ ખાસ ગાંધીનગર સમાચારના કલાભાવક વાચકો માટે પ્રસ્તુત કરી છે.

## ડાયરેક્ટ સે

જે લોકો બીજાની ભલાઈ કરવી પસંદ કરે છે તેમના ભલા માટે જગતની સર્વ વસ્તુઓ કામ કરે છે.
-જલારામ બાપા

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
શિવાય
૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
એ દિલ હૈ મુશ્કિલ
૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩**
ડૉક્ટર સ્ટ્રેન્જ (૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ડૉક્ટર સ્ટ્રેન્જ (૩ડી-હિન્દી)
૪.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૫**
પાસપૉર્ટ (ગુજરાતી)
૪.૦૦, ૧૦.૦૦
લવારી (ગુજરાતી)
૧.૧૫, ૬.૩૦
શિવાય
સવારે ૧૦.૦૦

# હાથ ખરાબ થાય તેવાં કામોથી ભારતીયોને અણગમો થાય છે

ગાંધીનગર, તા. ૫

'દેશને કેવી રીતે આગળ લાવી શકાય ?' એ સવાલ માટે જવાબો જુદા-જુદા મળી શકે, પરંતુ એ બધા જ જવાબોમાં જે સામાન્ય બાબત હોય એ મહેનત કરવાની હોય એમાં કોઈ બેમત હોઈ શકે નહીં. પરંતુ, તાજેતરમાં આઈઆઈટી, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલા એક સર્વેમાં જાણવા મળ્યું છે કે હાથ ખરાબ થાય તેવાં કામોથી ભારતીયોને અણગમો થાય છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના સ્પર્ધાત્મકતાના તાજેતરના ક્રમાંક મુજબ ભારત ૧૩૮ દેશોમાં ૩૯ ક્રમે પહોંચ્યો છે. એ દૃષ્ટિએ દેશના જીડીપીમાં સુધારો જણાય પરંતુ આ બાબતની ઊંડાણમાં જઈએ તો તારણો અલગ છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર દ્વારા દેશના જીડીપીને ઊંચો લાવવા તેમજ વધુ પ્રમાણમાં નોકરીની તકો ઊભી કરવાની દિશામાં મદદ કરતા સ્પર્ધાત્મક પરિબળો આધારિત એક રાષ્ટ્રવ્યાપી સર્વે કરવામાં આવ્યો. જેમાં વિવિધ ક્ષેત્રના ૨૭૦૦થી પણ વધુ લોકોએ ભાગ લીધો. સર્વેમાં ૭૦ ટકા લોકો જણાવે છે કે, 'હાથ ખરાબ થાય તેવા મહેનતના કામનું મહત્ત્વ સમજવાને બદલે તેના પ્રત્યે અણગમો સેવવામાં આવે છે. જ્યારે ૫૭ ટકા લોકો કહે છે, દેશની જ્ઞાતિ વ્યવસ્થા જ દેશની સ્પર્ધાત્મક વિચારધારાને અસર કરે છે.' આઈક્રિએટ ઈન્કના ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ હર્ષ ભાર્ગવના અધ્યક્ષપદે આ સરવે હાથ ધરાયો જેમાં, આઈઆઈટી ગાંધીનગરના ડિરેક્ટર ડૉ. સુધીર જૈન, હાર્વર્ડ બિઝનેસ સ્કૂલના પ્રોફેસર ડૉ. જેન રિવકીન, આઈઆઈટી ગાંધીનગર એલ્યુમ્નિ ટીમના આકાશ કેશવ સિંઘ તેમજ પ્રેમા સિંઘે સહયોગ આપ્યો. આ સર્વેમાં નેતૃત્વ, વિશ્વાસ, વિવિધ અભિગમ, સમસ્યાનું નિરાકરણ લાવવાની આવડત, સર્જનાત્મકતા, જવાબદારીની ગંભીરતા, ટીમ વર્ક, જેવા વિવિધ વિષયો પર પ્રશ્નો પૂછવામાં આવેલાં. ૮૦ ટકા લોકોએ જણાવ્યું છે કે, દેશમાં મોટા ભાગની બાબતોમાં 'ચલતા હે'નો અભિગમ પ્રતિસ્પર્ધાત્મકતાને નકારાત્મક અસર પહોંચાડે છે.

**સર્વે બાદ બહાર આવેલાં તારણો**

- ભારતીયોને માત્ર હુકમનું પાલન કરવાની આદત છે.
- ભારતીયો ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે.
- હાથ ખરાબ થાય તેવા કામ તરફ ભારતીયોને અણગમો છે.
- ભારતીયો હંમેશા જીતવા માટે નથી રમતા, પણ રમવાનો આનંદ લેવા માટે પણ રમે છે.
- ભારતીયો ખુલીને બોલતા નથી, માત્ર હુકમનું પાલન કરે છે.
- ભારતીય સમાજ યુવાઓને તેમની ક્ષમતા મુજબ વિચારોની દિશામાં આગળ વધવાની સ્વતંત્રતા આપે છે.

# નગરસેવકોની અનોખી દિપાવલી





ગાંધીનગર મહાનગરપાલિકાના વૉર્ડ નં. ૭નાં નગરસેવક હિરલબેન જોષી, જયરાજસિંહ વાઘેલા અને રાકેશભાઈ પટેલે દિપાવલીની ઉજવણી અનોખા અંદાજમાં કરી હતી. ગાંધીજીના શબ્દોમાં 'છેક છેવાડાના માનવી' સુધી પહોંચી તેમણે ખુશીઓ વહેંચવાનો પ્રયાસ કર્યો હતો અને આમ દિપાવલીને ન માત્ર પોતાના માટે પરંતુ અન્યોના માટે પણ યાદગાર બનાવી હતી. શહેરને સ્વચ્છ રાખવા માટે પોતાની ફરજ અદા કરતા સફાઈ કર્મચારીઓને આ નગરસેવકોએ મીઠાઈ અને વસ્ત્રોનું દાન કર્યું હતું અને તેમના ચહેરા પર ખુશીની ચમક લાવવાનો સફળ પ્રયત્ન કર્યો હતો.

# લોહાણા યુવા સંગઠન દ્વારા વીરપુર યાત્રા

ગાંધીનગર, તા. ૫

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા આગામી તા. ૯ નવેમ્બરથી ૧૮ નવેમ્બર દરમ્યાન ગાંધીનગરથી વીરપુર સુધીની ૨૦મી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાના સમગ્ર માર્ગ દરમ્યાન ઉપસ્થિત રહી પદયાત્રીઓને પ્રોત્સાહિત કરવા સૌ સમાજભાવકોને સંગઠન દ્વારા અપીલ કરવામાં આવી છે.

# પ્રાથમિક શિક્ષણની કાયાપલટ કરવા માટે જાન્યુઆરીમાં સમિટ

## વિદ્યાર્થીઓને પ્રાથમિક ધોરણોમાં નાપાસ ન કરવાની પદ્ધતિ નાબૂદ કરવાની થઈ રહેલી તરફેણ

ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર એટલી હદે કથળી ગયું છે કે, સાતમા ધોરણમાં અભ્યાસ કરતા બાળકને વાંચતા-લખતા આવડતું નથી. પ્રાથમિક શિક્ષણની આ હાલત માટે શિક્ષણ પદ્ધતિ, શિક્ષકોની ઘટ સહિતના અનેક પરિબળો જવાબદાર છે ત્યારે રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણની કાયાપલટ માટે આગામી જાન્યુઆરીમાં ખાસ સમિટ યોજવાનો નિર્ણય કર્યો છે. શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શુક્રવારે ગાંધીનગરમાં આ જાહેરાત કરી છે.

શિક્ષણ, મહેસૂલ અને વૈધાનિક બાબતોના વિભાગના કર્મચારીઓ સાથે નૂતન સ્નેહમિલન સમારંભમાં શિક્ષણપ્રધાને જણાવ્યું કે, રાજ્યના બાળકો-વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત અને આધુનિક સમયની માગ મુજબનું પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે આ સમિટનું આયોજન કરાશે. જેમાં રાજ્યના શિક્ષણવિદો, તજજ્ઞો અને નિષ્ણાંતોના અભિપ્રાયો લઈને જરૂરી ફેરફાર કરાશે. વર્તમાન શિક્ષણ પદ્ધતિની સાથે સાથે શિક્ષણ માટે પાયાની જરૂરિયાત એવા શિક્ષકો સહિતના સ્ટાફની ભરતી પ્રક્રિયા ઝડપી બનાવવાની હૈયાધારણ આપતા પ્રધાને અધિકારીઓ-કર્મચારીઓને સામાન્ય માણસ-છેવાડાના માનવીના હિત માટે જવાબદારી અને પ્રમાણિકતાપૂર્વક નિર્ણય લેવા અનુરોધ કર્યો હતો.

શિક્ષણ રાજ્યપ્રધાન નાનુભાઈ વાનાણી અને ઉચ્ચ ટેકનિકલ રાજ્યપ્રધાન જયદ્રથસિંહ પરમારે શિક્ષણમાં આમૂલ પરિવર્તન માટેના સુધારા લાગુ કરવાની સાથોસાથ છેક નીચેના સ્તર સુધી મોનિટરિંગ માટેની સઘન વ્યવસ્થા કરવા પર ભાર મૂક્યો હતો. નોંધનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી શિક્ષણ ક્ષેત્રે ગુજરાત પછાત રાજ્યોની હરોળમાં આવીને ઊભું છે અને પ્રાથમિક ધોરણોમાં નાપાસ ન કરવાની પદ્ધતિ નાબૂદ કરવાની જોરદાર તરફેણ થઈ રહી છે.

શિક્ષણ, મહેસૂલ અને વૈધાનિક બાબતોના વિભાગના કર્મચારીઓ સાથે શિક્ષણપ્રધાનનો નૂતન સ્નેહમિલન સમારંભ યોજાયો હતો.

# તમે મારી પાછળ રડવાને બદલે પ્રભુનું સ્મરણ કરજો

જનસેવાના ભેખધારી સંત શ્રી જલારામ બાપાની સોમવારે ૨૧૭મી જન્મજયંતિ છે.

ભૂખ્યાંને ભોજન અને મુખેથી 'પ્રભુનું ભજન' જેમના જીવનનું મુખ્ય ધ્યેય હતું એવા મહાન ભક્તરાજ શ્રી જલારામ બાપાનો જન્મ ૨૧૭ વર્ષ પૂર્વે સંવત ૧૮૫૬માં કારતક સુદ ૭ ને સોમવારે અભિજીત નક્ષત્રે તા. ૪-૧૧-૧૭૯૯ના રોજ સૌરાષ્ટ્રમાં જેતપુર અને ગોંડલ વચ્ચે આવેલા વીરપુર નામના એક નાનકડા ગામમાં થયો હતો. પિતાનું નામ પ્રધાન ઠક્કર, માતાનું નામ રાજબાઈમા હતું.

આજે એ વીરપુર મોટું ધામ બન્યું છે. નાના એવા આ ગામની કીર્તિ ત્યાં થઈ ગયેલા સંત શિરોમણી ભક્ત શ્રી જલારામ બાપાના કારણે દેશ-વિદેશોમાં છે. વીરપુરના જલારામ ધામમાં બાપાનાં દર્શન કરવા તથા એમની પ્રસાદી લેવા ત્યાં રોજ અગણિત આસ્થાળુઓ ઉમટે છે. અહીં ૧૯૭ વર્ષથી અવિરત ચાલતા અન્નના જંગી સદાવ્રત માટે કોઈ જ પ્રકારના દાન-ભેટ સ્વીકારવામાં આવતાં નથી છતાં એ કઈ રીતે ચાલે છે એનું રહસ્ય હજુય અકબંધ છે. જ્યાં ટુકડો ત્યાં હરી ઢુકડો... એ જલારામ બાપાનો જીવનમંત્ર હતો. એ મંત્ર આજે વીરપુર ધામનો બ્રહ્મમંત્ર બની રહ્યો છે.

નાની ઉંમરમાં જલારામને શાળાએ ભણવા બેસાડ્યા. કક્કો-બારાખડી આવડી જતાં જ તેમણે તો પાટીમાં રામનામ લખવા માંડ્યું. કોઈ કોઈવાર તો તેઓ શાળામાં બાળકો સાથે ભક્ત પ્રહલાદની માફક રામધૂન જમાવતા અને ભજનો લલકારતા. આ રીતે નાનાપણથી જ તેમના જીવનમાં રામનામના ભક્તિનાં બીજ રોપાયાં.

શાળાનું ભણતર પૂરું થયા બાદ ૧૪ વર્ષની ઉંમરે તેમનો યજ્ઞોપવિત સંસ્કાર થયો અને પછી ૧૬ વર્ષની ઉંમરે આટકોટ ગામના વતની શ્રી પ્રાગજીભાઈ સોમૈયાની સુપુત્રી વીરબાઈ સાથે શ્રી જલારામ લગ્ન થયા. પ્રભુકૃપાથી જલારામને ખૂબ જ સેવાભાવી અનુકૂળ પત્ની મળ્યા. તેમના જીવનમાં તે દરેક રીતે સહાયરૂપ હતા. પતિની આજ્ઞામાં સદાય તૈયાર રહેતા 'જલારામ મારા પરમેશ્વર' માની તેઓ સાચા અર્થમાં ધર્મચારિણી ગૃહિણી હતા. તેથી જ જલારામનો સંસાર સુખી બન્યો હતો.

શ્રી જલારામ તો સાધુ સંતોના સહવાસમાં રહીને તેમની સેવા કરતા હતા. પિતા પ્રધાન ઠક્કરે તેમને દુકાને બેસાડ્યા પરંતુ તેઓનું મન વેપાર ધંધામાં બરાબર લાગતું નહોતું. ઉલ્ટાનું કોઈ સાધુસંતો દુકાને આવે તો સીધું સામાન સેવામાં આપી દેતા હતા. માટે પિતાજીએ દુકાનેથી તેમને છુટા કર્યા. તેમના કાકા વાલજીકાકાએ તેમને સમજાવી અને તેમની દુકાને બેસાડ્યા. ત્યાં પણ સાધુ સંતોની જમાત. સૌરાષ્ટ્રનાં દર્શને જતાં વીરપુર પહેલાં આવે. સાધુ-સંતોની જમાતે ગામમાં આવતાં સીધી વાત કરતાં કોઈએ જલાની દુકાને આંગળી ચીંધી. સાધુઓએ પાકા સીધાની માગણી કરી. જલારામે ગોળ-ઘી, લોટ, મસાલો કાઢી આપ્યો. સાધુ કહે, બાંધવાનું કાપડ નથી. જલારામે નવા કાપડના તાકામાંથી બે હાથ કાપડ ફાડી સામાન બાંધી આપ્યો. સાધુ કહે, સામાન ઉપડે એમ નથી. તો જલારામે સામાન પોતાના માથે ઉપાડી લીધો ને ચાલ્યા સાધુની પાછળ. પરંતુ કાકાને સામેની દુકાનવાળા વેપારીએ ચડાવ્યા, 'જલારામ ઉઠાડી મૂકશે, ધ્યાન રાખો...'

કાકાએ જલારામને પૂછ્યું, 'શું છે આ પોટલામાં ?' જલારામે કહ્યું, 'છાણા છે.' 'અને લોટામાં ?' 'પાણી છે.' એ પછી કાકાએ જોયું તો ખરેખર ગોળના બદલે છાણા ને ઘીને બદલે પાણી જ નીકળ્યું. જલારામ કહે, 'રામજીએ આજે મારી આબરૂ રાખી છે. પમ હવે મારાથી અહીં નહીં રહેવાય...'.

૧૭ વર્ષની વયે જલારામ બાપા ચાર ધામની જાત્રાએ નીકળ્યા. દોઢ વર્ષે પરત આવી તેમણે વિચાર્યું કે સદગુરુ વિના સાચો મારગ કોણ બતાવે ? એમને ગુરુ મેળવવાની તીવ્ર ઉત્કંઠા જાગી. અમરેલી પાસે ફતેપુરા ગામમાં ભોજલરામ નામના એક કણબી ભગત રહેતા હતા તેઓ અભણ હતા. પણ મહાન જ્ઞાની હતા. તપસ્વી હતા, એમના છપ્પા આજેય પ્રખ્યાત છે. ભોજા ભગતને જલારામે ગુરુ બનાવ્યા. ગુરુજીને વિનંતી કરી, 'આપ રજા આપો તો મારે વીરપુરમાં સદાવ્રત શરૂ કરવું છે.' ગુરુની આજ્ઞા મળતાં સંવત ૧૮૭૬, મહાસુદ બીજ, તા. ૧૮-૧૧-૧૮૨૦ને સોમવારે ૨૦ વર્ષની ઉંમરે જલારામે સદાવ્રત શરૂ કર્યું. સદાવ્રતની નામના ચારેકોર પ્રસરી. સદાવ્રત માટે વીરબાઈમાએ પોતાનાં ઘરેણાં વેચ્યાં...



સદાવ્રત શરૂ થયા બાદ થોડા દિવસો પછી એક સંત મહાત્મા જલારામના આશ્રમમાં આવ્યા. વીરબાઈ માએ પ્રેમપૂર્વક રોટલા ઘડ્યા અને જલારામે સંતને પ્રેમથી જમાડ્યા. ભોજન કરી પ્રસન્ન થઈ મહાત્માએ જલારામને લાલજીની એક મૂર્તિ આપી કહ્યું કે ભગત લાલજીની તમે બંને જણા પ્રેમપૂર્વક સેવા કરજો. તેની સેવાથી તમારા આ સદાવ્રતમાં ખોટ નહીં રહે. હરિહર તમને રિદ્ધિ સિદ્ધિની ખોટ આવવા દેશે નહીં. અને ભગતજી સાંભળો, આ ઉપરાંત હનુમાનજીની એક મૂર્તિ આશ્રમમાં ત્રીજા દિવસે પ્રગટ થશે અને તમને દર્શન દેશે. તે મૂર્તિની પણ પૂજા કરજો. ચૌદશ ને શનિવારે વહેલી સવારે આશ્રમમાં હનુમાનજીની મૂર્તિ સ્વયં પ્રગટ થઈ જે આજેય મંદિરમાં જોવા મળે છે. ગંગા-જમના ખુદ બાપાને ત્યાં પાણી ભરી જતાં, એ ગોળીઓ આજે પણ એ જગ્યામાં જોવા મળે છે. પૂ. વીરબાઈ માને ખુદ ભગવાને આપેલી ઝોળી અને દંડ હાથોહાથ આપ્યો હોય એવું દૃશ્ય પણ આજેય અહીં સચાવાયેલું છે.

**જલારામ બાપાની કસોટી**

એક વખત એક અતિ વૃધ્ધ સંત શ્રી જલારામ પાસે આવ્યા. તેમને જોઈને જલારામે હાથ જોડી ભોજન લેવા માટે વિનંતી કરી. પરંતુ સંતે ભોજન લેવાની ના પાડી દીધી. તેમણે કહ્યું, મારું વચન પાળો તો જ હું ભોજન લઉં. જલારામે વચન આપ્યું. વૃધ્ધ સંતો વૃધ્ધાવસ્થામાં સેવાચાકરી કરીને પોતાની સંભાળ રાખી શકે તે માટે જલારામ પાસે પત્નીની માગણી કરી.

સંત મહાત્માની માગણી સાંભળી કોઈપણ જાતના હિચકિચાટ વગર જલારામે વચન પાળી બતાવ્યું. ખુદ વીરબાઈ પણ રાજીખુશીથી સંતની સેવા માટે તૈયાર થઈ ગયાં. પ્રથમ સંતને પગે લાગ્યાં અને ત્યારબાદ પતિદેવ શ્રી જલારામને પગે લાગીને પોતાની ભૂલચૂક બદલ ક્ષમા માગીને સંતની સાથે વીરબાઈ મા ચાલી નીકળ્યાં.

જલારામ બાપાને ઘણાએ સમજાવ્યા કે અન્નદાન, વસ્ત્રદાન, સાધન-સંપત્તિનાં દાન દેવાય, પત્નીનાં દાન ન દેવાય. જલારામે કહ્યું, 'મને આ બધામાં કંઈ ખબર ન પડે. મારો રામજી જાણે. એની મરજી પ્રમાણે બધું થઈ રહ્યું છે.' જલારામ પોતાના મંદિરમાં જઈ પગે લાગી માળા ફેરવવા બેસી ગયા.

એકાદ ગાઉ જંગલમાં ગયા પછી સંતે વીરબાઈ માને કહ્યું, 'સતી, મારે જંગલ જવું છે. હું જંગલ જઈને આવું ત્યાં સુધી મારી આ ઝોળી અને દંડ સાચવજો.' સંત મહાત્મા ગયા તે ગયા. સાંજ પડી પણ પાછા ન આવ્યા. ત્યાં આકાશવાણી થઈ, 'સતી ધન્ય છે તમારી ભક્તિને. હું તમારી કસોટી કરવા આવ્યો હતો, જેમાં તમે પાર ઊતર્યા છો. હવે તમે ઘરે જાવ. મેં આપેલી ઝોળી અને દંડ તમારા આશ્રમમાં પધરાવજો. તેની સદાય પૂજા કરજો અને તમારા કણના કોઠાર ઊભરાશે, તમારી નામના આખા વિશ્વમાં થશે.'

આમ જલારામ આ કસોટીમાંથી પાર ઊતર્યા ને પરિણામે તેમનું નામ અમર બની ગયું.

૧૯૩૫માં કારતક વદ નોમ ને સોમવારે ભજન કરતાં-કરતાં વીરબાઈ માએ દેહત્યાગ કર્યો. બાપાએ સાત દિવસ સુધી ત્યાં અખંડ રામધૂન કરી.

શ્રી બાપા બીમાર પડ્યાના સમાચાર ફેલાતાં લોકોનાં ટોળાં ઉમટ્યાં ને બાપાની માંદગી જોઈ સૌ રડવા લાગ્યા. બાપાએ સૌને હિંમત આપી અને અંતિમ ઉપદેશ પણ આપ્યો, 'આ દેહ ક્ષણભંગુર છે. એક દિવસ સૌ કોઈને જવાનું જ છે. એટલે તેનો શોક કરવો વ્યર્થ છે. સંસારમાં કોઈ અમર નથી. દેહ નાશવંત છે. પ્રભુના નામનું સ્મરણ કરો. તમે બધા હવે મારી પાછળ રડવાને બદલે પ્રભુનું સ્મરણ કરજો. અખંડ રામધૂન કરજો તેથી મારો વાલીડો રામ રાજી થશે અને મારા આત્માને શાંતિ મળશે.'

સંવત ૧૯૩૭માં મહાવદ ૭ ને બુધવારે ૮૧ વર્ષની વયે જલારામ બાપાએ દેહત્યાગ કર્યો. એ પછી ત્યાં સંતમેળો થયો અને ત્યારબાદ બાપાના પૌત્ર હરિરામબાપાએ જગ્યાનો વહીવટ સંભાળ્યો. એ પછી એમના પુત્ર ગીરધરરામ બાપા, તેમના સુપુત્ર જયસુખરામ બાપા અને વર્તમાનમાં રઘુરામ બાપા વીરપુરની આ પવિત્ર જગ્યાનો વહીવટ સંભાળી રહ્યા છે.

**- જિતુભાઈ સેજાણી**
પ્રમુખ, જલારામ સેવા સમાજ, ગાંધીનગર